વિષયઃ– નવસારી કૃષિ યુનિવર્સિટીના મુખ્ય કેન્દ્ર તથા પેટા કેન્દ્રોમાં સિકયુરીટી સેવાની કામગીરી ની વખતો વખત ચકાસણી કરવા અંગે.

વંચાણેઃ– અત્રેની કચેરીના કાર્યાલય આદેશ ક્રમાંકઃ નકૃયુ/રજી/અ.ઉ.૧/મંજુરી/૮૫૧–૯૦૦/૨૦૧૨.નવસારીતારીખઃ ૨૦/૦૧/૨૦૧૨.

# કાર્યાલય આદેશ

ઉપરોકત વિષયના અન્વયે આથી જણાવવામાં આવે છે.કે નવસારી કૃષિ યુનિવર્સિટીના મુખ્ય મથક અને તેના પેટા કેન્દ્રોમાં યુનિવર્સિટીની જંગમ માલમિલ્કત,અને પાકોની સુરક્ષા અને સલામતી માટ તાઃ૧/૧/૧૨ થી તારીખઃ૩૦/૧૧/૨૦૧૨ સુધી સિકયુરીટી સેવા અંગેનો કોન્ટ્રાકટ **ન્યુજીન સીકયુરીટી સર્વિસીસ,બી૧૫/૧૬, વૈકુન્ટધામ ટેનામેન્ટ,એરફોર્સ સ્ટેશન નજીક,મકરપુરા વડોદરા.૩૯૦ ૦૧૦.**ને આપવામાં આવેલ છે તેમની આ કામગીરી(સેવા) તેઓ બરાબર બજાવતા છે કે કેમ ?તેની વખતો વખત ચકાસણી કરી તેનો રીર્પોટ અત્રેની **કચેરીએ / સંશોધન નિયામકશ્રી** નવસારી કૃષિ યુનિવર્સિટીમાં દર માસે મોકલવા વંચાણે લીધેલ કાર્યાલય આદેશથી જણાવવામાં આવેલ હતુ પરન્તુ અત્યાર સુધી કોઈ પણ કચેરી તરફથી સિકયુરીટી સેવાની કામગીરી નો રીપોર્ટ અત્રે મોકલાવેલ નથી. જેથી નવસારી કૃષિ યુનિવર્સિટી ના મુખ્ય કેન્દ્ર તથા બહાર ના કેન્દ્રો ના દરેક ફાર્મના વડાને જણાવવામાં આવેછે કે **માહેઃ–જાન્યુઆરી–૨૦૧૨** થી અત્યાર સુધીના સિકયુરીટી સેવા દરમ્યાન યુનિવર્સિટીની સ્થાવર જંગમ માલ મિલ્કત અને પાકોને સાચવણી,ચોરી કે નુકશાની નો રીર્પોટ તાત્કાલીક મોકલવા અને હવેથી દર માસે નિયમીત રીપોર્ટ અને ફાર્મના વડા તરફથી નિયુકત કરેલ પ્રતિનીધિની રૂબરૂ સિકયુરીટીના ગાર્ડને પગારના નાંણાની ચુકવણી કરેલ તેની ઝેરોક્ષ નકલ અત્રેની કચેરીને અને સંશોધન નિયામકશ્રી નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી ને અચુક મોકલવાનું રહેશે જેની નોંધ લેશો.

**ઉકત કાર્યાલય આદેશ યુનિવર્સિટીના કામકાજના હિતમાં બહાર પાડવામાં આવે છે.જેનો અમલ તાત્કાલીક અસરથી કરવાનો રહેશે.**

**પ્રસ્તુત આદેશ ફાઈલ નોંધ પર મા. કુલપતિશ્રીની મંજુરી મેળવી બહાર પાડવામાં આવે છે.**

**જા.નં.નકૃયુ/રજી/અ.ઉ.૧/મંજુરી/૯૫૪૦–૮૯ /૨૦૧૨.**
**નવસારી.** **તારીખઃ ૨૮/૦૫/૨૦૧૨.**

કુલસચિવ
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી.**

**નકલ સવિનય રવાનાઃ–**

૧. નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી કેન્દ્રના તમામ યુનિટ/સબયુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ચુસ્તપણે અમલ થવા સારૂ.

૨. નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી ના બહાર ના ફાર્મ ના વડા ને આ અંગે જાણ તેમજ ચુસ્તપણે અમલ થવા સારૂ.

*D:\J.L.AHIR\3-1.ADM\MANJURI12-13\M.S.Purohit.12.13.doc*